પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧૨ | ૨ જુલાઈ, ૨૦૨૨, શનિવાર; અષાઢ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦





**હાથી ઘોડા પાલકી, જય કનૈયાલાલ કી.....** ગાંધીનગર શહેરમાં બે વર્ષના અંતરાલ બાદ અષાઢી બીજે નીકળેલી રથયાત્રા લોકોત્સવ બની ગઈ હતી. સેકટરે-સેકટરે ઉમળકાભેર ભગવાનનાં ઓવારણા લેવાયા હતા. અને હાથીઘોડા પાલકી, જય કનૈયાલાલ કી..., જય રણછોડ.... જય રણછોડ... જયઘોષથી ગાંધીનગર ગાજી ઊઠ્યું હતું.... સેકટરોમાં ચોકઠે ચોકઠેથી ભાવિકો ઊમટ્યા હતા. અને સામાજિક સમરતાના પર્વને ઉમળકાથી ઉજવ્યું હતું.

# એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૯૮ રૂપિયા ઘટાડો કરાયો

**જૂનમાં ઈન્ડેનનો કમર્શિયલ સિલિન્ડર ૧૩૫ રૂપિયા સસ્તો થયો હતો, જ્યારે કે મે મહિનામાં ગેસના બોટલના ભાવ વધતા ગ્રાહકોને બે વાર ઝટકો લાગ્યો હતો**

નવી દિલ્હી,તા.૧

એલપીજી સિલેન્ડર આજથી ૧૯૮ રૂપિયા સસ્તુ થઈ ગયો છે. પરંતુ ભાવમાં ઘટાડો માત્ર કમર્શિયલ સિલિન્ડર પર જ કરવામાં આવ્યો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. મધ્ય રાત્રિએ આજના નવા ભાવ જાહેર થઈ ગયા છે. ચાર મહાનગરમાં એલપીજીના કમર્શિયલ સિલિન્ડરની કિંમતોની વાત કરીએ તો ઈન્ડેન કંપનીનુ સિલિન્ડર આજથી દિલ્હીમાં ૧૯૮ રૂપિયા સસ્તુ થઈ ગયુ છે. કોલકાત્તામાં ૧૮૨ રૂપિયાનો ઘટાડો થયો છે. મુંબઈમાં ૧૯૦.૫૨ રૂપિયા, જ્યારે કે ચેન્નાઈમાં તેમાં ૧૮૭ રૂપિયાનો ઘટાડો થયો છે. પેટ્રોલિયમ કંપની ઈન્ડિયન ઓઈલે કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે અને નવો ભાવ જાહેર કર્યો છે. જ્યારે કે ઘરેલ એલપીજી સિલિન્ડરમાં હાલ ગ્રાહકોને કોઈ રાહત મળી નથી. તેઓને પહેલાની જ જેમ જ રૂપિયા ચૂકવવા પડશે. ઉલ્લેખનીય છે કે, ૧૪.૨ કિલોવાળા ઘરેલુ સિલેન્ડર ન તો સસ્તો થયો છે, ન તો મોંઘો થયો છે. આજે પણ પણ ૧૯ મેના જૂના ભાવ પર જ મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, જૂનમાં ઈન્ડેનનો કમર્શિયલ સિલિન્ડર ૧૩૫ રૂપિયા સસ્તો થયો હતો. જ્યારે કે મે મહિનામાં ગેસના બોટલના ભાવ વધતા ગ્રાહકોને બે વાર ઝટકો લાગ્યો હતો. ગેસનો બોટલનો ભાવ મહિનામાં પહેલીવાર ૭ મેના રોજ ૫૦ રૂપિયા વધારવામાં આવ્યો હતો અને ૧૯ મેના રોજ ગેસનો બોટલના ભાવમાં વધારો થયો હતો. દેશની રાજધાની દિલ્હીમાં ગત એક વર્ષથી ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ ૮૩૪.૫૦ રૂપિયાથી વધીને ૧૦૦૩ રૂપિયા પહોંચી ગયો છે. ૧૯ મે, ૨૦૨૨ ના રોજ અંતે ૧૪.૨ કિલો ઘરેલુ એલપીજી સિલિન્ટરનો રેટ ૪ રૂપિયા વધારવામાં આવ્યો હતો. આ પહેલા ૭ મેના રોજ ભાવ ૯૯૯.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડર હતો. ૨૨ માર્ચ, ૨૦૨૨ ના રોજ ૯૪૯.૫૦ રૂપિયાની સરખામણીમાં ૭ મેના રોજ એલપીજી સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘો થયો હતો.

## જીએસટીમાં રાજ્યોને નુકશાનનો કોઈ નિવેડો લાવી શકાયો નથી

નવી દિલ્હી, તા.૧

ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (જીએસટી)ના પાંચ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ સમયે દેશમાં ક્રાંતિકારી, સમગ્ર દેશમાં એક જ ટેક્સનો દર એવા નારા સાથે શરૂ થયેલા આ ટેક્સ રિફોર્મથી ખરેખર ફાયદો થયો છે કે નુકસાન તે અંગે વિચારવું જોઈએ.

સરકારની ટેક્સની આવક કોરોના પછી અર્થતંત્ર મંદીમાંથી બહાર આવ્યું પછી સતત વધી રહી છે. પણ આવક જેટલો અંદાજ હતો એટલી ઝડપે અને એટલી વધી નથી. જીએસટીના અમલ અને તેના અંગે ચર્ચા શરૂ થઈ એ વચ્ચે ૧૨ વર્ષ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચે સંવાદ ચાલ્યો હતો. સંવાદનો સૌથી મોટો વિખવાદ હતો કે કર વસૂલાતની પ્રક્રિયા જ બદલી જવાની હતી. નવી કરની પ્રણાલી ઉત્પાદનના બદલે ગ્રાહક જે સ્થળે વસ્તુ ખરીદે કે સેવાનો ઉપયોગ કરે તેના ઉપર ટેક્સ વસૂલવામાં આવશે. આથી ઉત્પાદક રાજ્યોના બદલે જ્યાં ચીજનો ઉપયોગ થાય છે એવા ગ્રાહક રાજ્યમાં ટેક્સની આવક વધશે, ઉત્પાદક રાજ્યોને નુકસાન થશે એવી દહેશત હતી. આ દહેશત ખોટી નથી પડી. પણ, વિખવાદદૂર કરવા માટે કેન્દ્ર સરકારે જે રાજ્યોને જેટલું વળતર જાય એ ભરપાઈ કરી દેવા માટેની જીએસટીના અમલથી પાંચ વર્ષ માટે બાંયધરી આપી હતી. આ બાંયધરીની મુદત તા.૩૦ જૂન ૨૦૨૨ના રોજ પુરા થઈ રહેલા પાંચ વર્ષે પૂર્ણ થઈ જાય છે. વળતર આપવા માટે કેન્દ્ર સરકારે કેટલીક લકઝરી ચીજો ઉપર વળતર સેસ (કોમ્પેનસેશન સેસ) લાદયો હતો. ગત સપ્તાહે આ સેસ વસૂલાત માર્ચ ૨૦૨૬ સુધી ચાલુ રાખવા માટે જાહેરનામું બહાર પડ્યું છે પણ વળતર મળશે કે નહી એ અંગે કેન્દ્ર સરકાર મૌન છે. તા.૨૮-૨૯ના રોજ જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ મામલે ચર્ચા થઈ હતી પણ કોઈ અંતિમ નિર્યણ લેવામાં આવ્યો નથી એમ કેન્દ્રના નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું હતું.

## જૂનમાં જીએસટીનું કલેક્શન ૧,૪૪,૬૧૬ લાખ કરોડ થયું

**મંદીની દહેશતમાં પણ જીએસટીની આવકમાં વધારો : ગત એપ્રિલમાં ૧.૬૮ લાખ કરોડનું કલેક્શન, જે જુલાઇમાં નવી કરપ્રણાલી અમલમાં આવ્યા પછીની સૌથી વધુ વસૂલાત**

નવી દિલ્હી, તા.૧

મંદીની દહેશત વચ્ચે આર્થિક ગતિવિધિઓ વધતા ગુડ્સ અને સર્વિસ ટેક્સ (જીએસટી) પેટે સરકારની માસિક કમાણી સતત વધી રહી છે.



શુક્રવારે જાહેર કરાયેલા આંકાડ મુજબ જૂન મહિનામાં જીએસટી કલેક્શન રૂ. ૧,૪૪,૬૧૬ લાખ કરોડ નોંધાયુ છે, જે વાર્ષિક તુલનાએ ૫૬ ટકા વધારે છે, જે અત્યાર સુધીનું બીજા ક્રમનું રેકોર્ડ માસિક ક્લેક્શન છે.

ગત એપ્રિલ મહિનામાં રૂ. ૧.૬૮ લાખ કરોડનું વિક્રમી બ્રેક જીએસટી ક્લેક્શન નોંધાયુ હતુ, જે જુલાઈ ૨૦૧૭માં નવી કરપ્રણાલી દેશભરમાં અમલમાં આવ્યા પછીની સૌથી વધુ માસિક કર વસૂલાત છે. મે મહિનામાં પણ માસિક જીએસટી વસૂલાત રૂ. ૧.૪૧ લાખ કરોડ રહી હતી. આમ ગત માર્ચ મહિનાથી જ માસિક જીએસટી કલેક્શન સરેરાશ રૂ. ૧.૪૦ લાખ કરોડથી ઉપર ટકી રહ્યુ છે.

જૂન મહિનામા જે કુલ રૂ. ૧,૪૪,૬૧૬ લાખ કરોડનું જીએસટી ક્લેક્શન થયુ છે, જેમાં સેન્ટ્રલ જીએસટી રૂ. ૨૫,૩૦૬ કરોડ, સ્ટેટ જીએસટી રૂ. ૩૨,૪૦૬ કરોડ, આઈજીએસટી રૂ. ૭૫,૮૮૭ કરોડ અને રૂ. ૧૧,૦૧૮ કરોડના જીએસટી કોમ્પન્સેશનનો સમાવેશ થાય છે.

## પાકિસ્તાન ચીનને ગિલગિટ અને બાલિસ્ટાન સોંપવાની ફિરાકમાં

ઈસ્લામાબાદ, તા.૧

કંગાળ બની ચુકેલુ પાકિસ્તાન હવે ચીનની લોનના બદલામાં ગિલગિટ અને બાલિસ્ટાન વિસ્તારને ચીનને સોંપી દેવાના ફિરાકમાં છે. પોતાની આર્થિક હાલત સુધારવા માટે પાકિસ્તાન ચીન પાસેથી ૧૯૦૦૦ કરોડ રૂપિયા લોન લેવા માંગે છે અને તેના બદલમાં ઉપરોક્ત બે વિસ્તાર ચીનને સોંપી દેશે.

પાકિસ્તાન પાસે તો અગાઉ લીધેલી લોન ચુકવવાના પણ પૈસા નથી. આ સંજોગોમાં તે ગિલગિટ અને બાલિસ્ટાનની સાથે સાથે પોતાના કબ્જા હેઠળનુ કાશ્મીર પણ ચીનના હવાલે કરે તેવી પણ શક્યતા છે.

પાકિસ્તાન યુનાઈટેડ આરબ અમીરાત પાસે ૮૦૦૦ કરોડ રૂપિયાની લોન લેવા જઈ રહ્યુ છે. આ માટે તે પોતાની ૨૦ સરકારી કંપનીઓના ૧૨ ટકા શેર યુએઈને આપશે. જ્યારે સાઉદી અરબ પાસેથી પણ ફેબ્રુઆરીમાં પાકિસ્તાને ૧૦૦૦૦ કરોડ રૂપિયાની લોન લીધી છે. પાકિસ્તાન પર એટલુ દેવુ થઈ ચુકયુ છે કે, તે ચુકવવા માટે પણ તેની પાસે પૈસા રહ્યા નથી.ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ પાસેથી પાકિસ્તાનને ૯૦૦૦૦ કરોડની મદદ મળે તેવી શક્યતા ઓછી છે.

પાકિસ્તાન સરકાર ગિલગિટ, બાલ્ટિસ્તાન, પીઓકેના કાયદા પોતાના હાથમાં લઈ ચુકયુ છે.જે હેઠળ પાકિસ્તાનને તેની જમીન કોઈ પણ દેશને લીઝ પર આપવાનો અધિકાર મળી ચુકયો છે.

ચીનની કંપનીઓ એમ પણ ગિલગિટ, બાલ્ટિસ્તાનના કેટલાક વિસ્તારોમાં પહેલા જ ખોદકામ શરુ કરી ચુકી છે.આ વિસ્તારમાં ખનીજોનો ૧૨૦ લાખ મેટ્રિક ટન ભંડાર હોવાનુ કહેવાઈ રહ્યુ છે.સ્થાનિક લોકો આ જમીન ચીનને આપવાના વિરોધમાં દેખાવો પણ કરી ચુકયા છે.

## ઈંધણ ઉપર ટેક્સથી સરકારને દૈનિક ૨૯૫ કરોડની આવક થશે

નવી દિલ્હી, તા.૧

કેન્દ્ર સરકારે આજે પેટ્રોલ અને ડિઝલની નિકાસ ઉપર તેમજ સ્થાનિક ઉત્પાદન થતું હોય એવા ક્રુડ ઓઈલ ઉપર ટેક્સની જાહેરાત કરી છે. નિકાસ થતું હોય એવા પેટ્રોલ ઉપર પ્રતિ લીટર રૂ.૬, ડિઝલ ઉપર રૂ.૧૩ના ટેક્સની જાહેરાત કરવામાં આવી છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ઊંચા ભાવના કારણે સ્થાનિક ઉતાપકોને પણ ફાયદો થઈ રહ્યો છે એટલે સરકારે તેના ઉપર પ્રતિ ટન રૂ.૨૩,૨૫૦ની વધારાની સેસ લાદી છે. સરકારનો ઉદ્દેશ સ્થાનિક બજારમાં પેટ્રોલ અને ડિઝલની ઉપલબ્ધી વધે એવો છે. કારણ કે વૈશ્વિક બજારમાં ઊંચા ક્રુડના ભાવ સામે ભારતમાં પેટ્રોલ અને ડિઝલના ભાવ નીચા છે. સ્થાનિક ઓઈલ રીફાઈનીંગ કંપનીઓને બજારમાં માલના વેચાણ ઉપર ખોટ થઈ રહી છે. કેટલીક કંપનીઓએ પોતાનું સ્થાનિક ઉત્પાદન વિશ્વની બજારમાં ઊંચા ભાવે વેચવાનું શરુ કરતા દેશના વિવિધ ભાગોમાં પેટ્રોલ અને ખાસ કરીને ડિઝલની અછત જોવા મળી રહી છે. ભારતમાં સ્થાનિક ક્રુડ ઓઈલનું દૈનિક ૫૫,૦૦૦ ટન જેટલું ઉત્પાદન થાય છે એટલે સરકારે વધારે નાખેલી રૂ.૨૩,૨૫૦ની સેસના કારણે માત્ર આ સેસ થકી સરકારને દૈનિક રૂ.૧૨૭.૮૭ કરોડની વધારાની આવક થશે.

બીજી તરફ, ભારત ભલે ક્રુડ ઓઈલનું મોટું આયાતકાર હોય પણ પેટ્રોલ અને ડિઝલની જંગી નિકાસ પણ કરે છે. ભારતમાંથી દૈનિક ૪.૯૦૫ કરોડ લીટર પેટ્રોલની અને ૧૦.૫૩ કરોડ લીટર ડિઝલની નિકાસ થાય છે. બન્ને ઈંધણ ઉપર સેસ લાદવામાં આવી છે. પેટ્રોલ ઉપર સેસથી સરકારને દરરોજ રૂ.૨૯.૪૩ કરોડ અને ડિઝલ ઉપરની સેસથી સરકારને દૈનિક રૂ.૧૩૬.૮૯ કરોડની વધારાની આવક થશે. આ સેસના કારણે ભારતીય પેટ્રોલ અને ડિઝલના ભાવ વૈશ્વિક બજારમાં ઊંચા થવાથી સ્પર્ધામાં ભારત ટકી શકે કે નહી તે અંગે કોઈ જાણકારી નથી. પણ મોટાભાગના કિસ્સામાં કંપનીઓએ પેટ્રોલ અને ડિઝલનો પુરવઠો નિકાસ કરવા માટે લાંબાગાળાના કરાર કર્યા હોય છે એટલે નિકાસ તો થશે જ શક્ય છે કે ઊંચા રીફાઈનીંગ માર્જિનના કારણે સેસનો બોજ કંપનીઓ પોતે સહન કરી લે. એકંદરે ત્રણેય ઈંધણ ઉપર ટેક્સ લાદવાથી સરકારને દૈનિક રૂ.૨૯૫ કરોડની આવક થશે. જોકે, નાણામંત્રી નિર્મલા સીતારામને સ્પષ્ટતા કરી છે કે વધારાના ટેક્સ અંગે કેન્દ્ર સરકાર દર પખવાડિયે વિશ્વની બજારમાં ક્રુડ અને અન્ય ચીજોના ભાવના આધારે સમીક્ષા કરશે અને એમાં જરૂર પડ્યે વધારો કે ઘટાડો કરી શકે છે.

## નુપુરે તમામ કેસ એક કરવાની અરજી પરત ખેંચી

નવી દિલ્હી, તા.૧

નુપુર શર્મા સામે સુપ્રિમ કોર્ટમાં દેશભરમાં થયેલ કેસને સુપ્રિમ કોર્ટમાં જ એકસાથે ચલાવવા માટેની માંગ કરતી અરજી અંગે સુનાવણી થઈ હતી. આ દરમિયાન જસ્ટિસ સૂર્યકાંત અને પારડીવાળાની વેકેશન બેચે નુપુર શર્માને અરજી પરત ખેંચવાની પરવાનગી આપી છે. તેમજ આ અંગે કાયદા અનુસાર કોઈપણ ઉપાય અપનાવવાની છૂટ આપતો માત્ર ૩ લાઈનનો ઓર્ડર કર્યો છે. આજે સવારે બહાર આવેલ મીડિયા અહેવાલ અનુસાર વેકેશન બેચના જજોએ નુપુર શર્માની આકરી ઝાટકણી કાઢતા જાહેરમાં ઓનસ્કીન ટીવી પર માફી માંગવા જણાવ્યું હતુ. સવારે કોર્ટે કડક શબ્દોમાં ઝાટકણી કરતા કહ્યું કે બીજેપીની પૂર્વ પ્રવકત્તા નુપુર શર્માએ કરેલ વિવાદિત ટિપ્પણીને કારણે સમગ્ર દેશનું સામાજિક સૌહાર્દ્ય ખરડાયું છે. કડક શબ્દોમાં દાખલો બેસાડતા સુપ્રિમ કોર્ટના જજે કહ્યું કે દેશભરમાં હાલ ફેલાયેલ અશાંતિ અને અરાજકતાના માહોલ માટે તેમનું નિવેદન જવાબદાર છે. આ સિવાય તાજેતરમાં રાજસ્થાનના ઉદયપુરમાં બનેલ ઝઘન્ય ઘટના બની તેના માટે પણ નુપુર શર્માને જવાબદાર ઠેરવી શકાય. સુનાવણીમાં કહ્યું કે નુપુર શર્માએ પયગંબર સામે કરેલ વિવાદિત ટિપ્પણી માટે સમગ્ર દેશની માફી માંગવી જોઈએ. જોકે આ અંગે દલીલ કરતા શર્માના વકીલે કહ્યું કે શર્મા દ્વારા કરવામાં આવેલ આ નિવેદન તેમના મંતવ્ય નથી. એક્ર દ્વારા પૂછવામાં આવેલ એક પ્રશ્નના જવાબમાં તેમણે આ નિવેદન આપ્યું હતુ. સામે પક્ષે જસ્ટિસ કાંતે આ પાયાવિહોણી દલીલ અંગે કહ્યું કે જો સવાલ જ પૂછવામાં આવ્યો છે તો પછી એ શોના હોસ્ટ સામે કેસ થવો જોઈતો હતો.

## નુપૂર શર્મા ટીવી પર આવીને જાહેરમાં માફી માગેઃ સુપ્રીમ

નવી દિલ્હી, તા.૧

સમગ્ર ભારતમાં અશાંતિ અને અરાજકતાનો માહોલ ઉભી કરનાર મહોમ્મદ પયગંબર પરની ટિપ્પણીને લઈને સુપ્રિમ કોર્ટે નુપુર શર્મા સામે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે કડક શબ્દોમાં ઝાટકણી કરતા કહ્યું કે બીજેપીની પૂર્વ પ્રવક્તા નુપુર શર્માએ કરેલ વિવાદિત ટિપ્પણીને કારણે સમગ્ર દેશનું સામાજિક સૌહાર્દ્ય ખરડાયું છે. સર્વોચ્ચ અદાલતે આજે નુપુર શર્મા અને નવીન જિંદાલ સામે થયેલ દેશભરના તમામ કેસોને સુપ્રિમ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે તેવી અરજીની સુનાવણીમાં કહ્યું કે નુપુર શર્માએ પયગંબર સામે કરેલ વિવાદિત ટિપ્પણી માટે સમગ્ર દેશની માફી માંગવી જોઇએ. શર્માએ ઓનસ્ક્રિન ટીવી પર આવીને જાહેરમાં માફી માંગવી જોઈએ. નુપુરને ખતરો છે કે નુપુર શર્મા દેશની શાંતિ અને સુરક્ષા માટે ખતરો બની ગઈ છે? જે રીતે તેણીએ દેશભરમાં લાગણીઓ પ્રજ્વલિત કરી છે. દેશમાં જે થઈ રહ્યું છે તેના માટે આ મહિલા એકલા હાથે જવાબદાર છે. અમે ટીવી ડીબેટ જોઈ છેપ..નુપુર શર્માએ દેશની માફી માગવી જોઈએ, સુપ્રિમકોર્ટે કહ્યું. કડક શબ્દોમાં દાખલો બેસાડતા સુપ્રિમ કોર્ટના જજે કહ્યું કે દેશભરમાં હાલ ફેલાયેલ અશાંતિ અને અરાજકતાના માહોલ માટે તેમનું નિવેદન જવાબદાર છે. આ સિવાય તાજેતરમાં રાજસ્થાનના ઉદયપુરમાં બનેલ ઝઘન્ય ઘટના બની તેના માટે પણ નુપુર શર્માને જવાબદાર ઠેરવી શકાય.



દેશની વર્તમાન સ્થિતિ જોઈને ગુસ્સે થયેલ જસ્ટિસ કાંતે કહ્યું કે જો તે પાર્ટીના પ્રવક્તા હોય તો શું ભાજપના આ સસ્પેન્ડેડ નેતા નુપુર શર્મા માને છે કે તેમની પાસે સત્તાનું સમર્થન છે તો ગમે તેમ બફાટ કરી શકે? લો એન્ડ ઓર્ડરને માન આપ્યા વિના કોઈપણ નિવેદન આપી શકે છે ? જોકે આ અંગે દલીલ કરતા શર્માના વકીલે કહ્યું કે શર્મા દ્વારા કરવામાં આવેલ આ નિવેદન તેમના મંતવ્ય નથી. એક્ર દ્વારા પૂછવામાં આવેલ એક પ્રશ્નના જવાબમાં તેમણે આ નિવેદન આપ્યું હતુ. સામે પક્ષે જસ્ટિસ કાંતે આ પાયાવિહોણી દલીલ અંગે કહ્યું કે જો સવાલ જ પૂછવામાં આવ્યો છે તો પછી એ શોના હોસ્ટ સામે કેસ થવો જોઈતો હતો.